**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૪ ટકા

# સિવિલ હોસ્પિટલ ખાતે નર્સિંગ કર્મચારીઓ દ્વારા સુત્રોચ્ચાર



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સવારના સમયે તાત્કાલીક સારવાર વિભાગ પાસે નર્સિંગ સ્ટાફના કર્મચારી ભાઈ બહેનો દ્વારા પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા સુત્રોચ્ચાર કર્યા હતા અને પોતાનો રોષ ઠાલવ્યો હતો. જો આગામી દિવસોમાં નર્સિંગના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ધ ટ્રાઈનેડ નર્સિસ એસોસિએશન ઓફ ઈન્ડીયા દ્વારા તા. ૧ ઓગસ્ટના રોજ રેલીનું આયોજન ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાંથી હજ્જારો નર્સિંગના કર્મચારી ભાઈ-બહેનો હાજર રહેશે. ત્યારે નર્સિંગના કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચડાવી આંદોલનનું રણશીંગુ ફુક્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ નર્સિંગના કર્મચારીઓના છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નો છે. જેમાં કેન્દ્રના ધોરણે પગાર ધોરણ આપવું, કેન્દ્રના ધોરણે વોશીંગ એલાઉન્સ, ડ્રેસ એલાઉન્સ, અને નર્સીસ એલાઉન્સ, જી.એન.એમ.ના સ્ટાઈપેન્ડમાં વધારો તેમજ બીએસસી નર્સિંગના વિદ્યાર્થીઓને ઈન્ટરશીપ દરમિયાન સ્ટાઈપેન્ડ આપવું, કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગ પ્રથા નાબુદ કરો, સેપ્રેટ નર્સિંગ ડિરેકટોરેટ તેમજ કેન્દ્ર પ્રમાણે હોદ્દાનું નામાભિધાન થવું જોઈએ તે સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. રાજયના નર્સિંગના પડતર માંગણીઓને લઈ તા. ૧૬-૧-૧૯ થી યુનિફોર્મ બહિષ્કારના શાંત આંદોલન બાદ પણ કોઈ હકારાત્મક નિર્ણય નહી આવતા આગામી સમયમાં ઉગ્ર આંદોલનની રણનીતી ઘડાશે. જેમાં તા.૧૮ અને ૨૫ જુલાઈના રોજ રાજયની સરકારી હોસ્પિટલના પટાંગણમાં નર્સિંગના કર્મચારીઓ એક કલાક સુધી સુત્રોચ્ચાર કરશે. ત્યારબાદ સરકાર દ્વારા હકારાત્મક વલણ નહીં અપનાવવામાં આવે તો આગામી તા. ૧ ઓગસ્ટના રોજ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરની હોસ્પિટલમાં કામ કરતા નર્સિંગ સ્ટાફના ભાઈ બહેનો હજ્જારોની સંખ્યામાં ઉમટી પડશે અને સરકાર સુધી પોતાની માંગણી બુલંદ બનાવવા ઉગ્ર રજુઆત કરાશે તેમ ટીએનએઆઈના પ્રમુખે જણાવ્યું છે.

## શનિવારે 'ગુજરાતી ભાષામાં સમાસ અને સંધી' વિષયે કાર્યશાળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષા ગુજરાતીના સંવર્ધન અને સંરક્ષણના હેતુસર વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. આ શ્રૃંખલામાં ભાષા સજ્જતા કાજે યોજાનાર ત્રેવીસમી કાર્યશાળાનું આગામી તા. ૧૩મી જુલાઈ શનિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે સેકટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યશાળામાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી, સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર તથા ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ એવા કલ્પેશભાઈ પટેલ 'ગુજરાતી ભાષામાં સમાસ અને સંધી'ના રસપ્રદ વિષયનો બીજો ભાગ પોતાની આગવી શૈલીથી ભણાવશે. ચોક અને બોર્ડ મારફતે પરંપરાગત રીતે તેમજ જીવંત પ્રશ્નોત્તરી સાથે તથા ભાષાના વિધ્વાનોની હાજરીમાં વિના મૂલ્યે યોજાનાર આ વર્ગમાં ભાગ લેવા શહેરના ભાષા પ્રેમીઓ, પત્રકારો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા લેખકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યશાળામાં ઉચિત વ્યવસ્થા થઈ શકે તે હેતુથી આગમનની જાણ કાર્યશાળાના સંયોજક સંજયભાઈ પંડયાને તેમના વ્હોટસએપ નંબર ૯૮૨૫૭ ૦૯૭૭૮ પર કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## રવિવારે ગાંધીનગરના આંબેડકર હોલમાં લોકડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના જાણીતા રેડિયો અને ટીવી કલાકાર ચિમનલાલ રત્નોત્તર તથા આઈસીસીઆરના માન્ય કલાકાર સુરેશ રત્નોત્તર તેમના સાથી કલાકારો ઉપરાંત ગાયત્રી સોની, કલ્પના પંડયા સહિતના અન્ય કલાકારો દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આગામી તા. ૧૪મી જુલાઈ રવિવારના રોજ રાત્રે ૮.૪૫ કલાકે સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સચિવ તથા અધિક કલેકટર આર.એન. કૂચારા, પાટનગર યોજના વિભાગ-૧ના કાર્યપાલક ઈજનેર કે.એન.રાવત, વન અને પર્યાવરણ વિભાગના નિવૃત્ત ઉપસચિવ કિરીટકુમાર અગ્રાવત તથા કૃષિ ભવનના મદદનીશ ખેતી નિયામક એન.સી. પટેલ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. લોકડાયરાની મોજ માણવા શહેરના સંગીત તથા સંસ્કૃતિ પ્રેમી નાગરિકોને આયોજકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

## ચિલોડા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

ચિલોડા, તા.૮

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળામાં બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ



બાળમેળામાં વિવિધ જીવનલક્ષી સ્વરોજગાર પુરી પાડતી પ્રવૃત્તિઓ તથા કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓ જેવી કે છાપકામ, કાગળકામ, કાતરકામ, ચિત્રકામ, હેરસ્ટાઈલ, મહેંદી, ભરતગુંથણ, ઈસ્ત્રીકામ, સ્ટેશનરી સ્ટોર, પુંઠા કામ, બુટ પોલીસ, રંગોળી, વેશભૂષા, ચિત્રકામ, બટન ટાંકવા, ખીલી ટાંકવી, પૂજાની થાળી તૈયાર કરવી, ફુલ પાંદડાની રંગોળી જેવી વિવિધ સુષુપ્ત શકિતઓ ખીલવી શકે તેમજ બાળકોને ભવિષ્યમાં ઉપયોગી નીવડે તેવી રસપ્રદ સર્જનાત્મક પ્રવૃતિઓ સભર બાળમેળામાં ૧૪૩ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ માટે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે સંયોજક મેહુલભાઈ પ્રજાપતિનો આભાર માન્યો હતો. આ પ્રસંગે શિક્ષણવિદ નટુભાઈ પટેલે ઉપસ્થિત રહી બાળકોની સહભાગી પ્રવૃત્તિઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# રીલાયન્સ ચોકડી પાસે વેપારીની કારમાંથી ૭૦ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં ચોરીના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે. વાહન ચોરીના બનાવો તો આંતરે દિવસે બની રહ્યા છે. ત્યારે ન્યું ગાંધીનગર વિસ્તારના રીલાયન્સ ચોકડી પાસેથી એક કારમાંથી રૂ. ૭૦ હજારની ચોરીની ઘટના બનવા પામી છે. વેપારી નજીકમાં આવેલા પાન પાર્લર પર મસાલો ખાવા ગયા હતા અને પરત ફર્યા એટલીવારમાં તો ચોર ઈસમો ગાડીમાં રહેલા રૂ. ૭૦ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.બનાવ અંગે વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા શિવાલય ફલેટ નં. જી. ૩૦૨ ખાતે રહેતા રાજેશકુમાર રાયચંદભાઈ ઠક્કર (ઉં.વ.૪૫) તલોદ માર્કેટ યાર્ડ ખાતે શ્રીરામ માર્કેટીંગ નામની દુકાન ધરાવે છે અને તેલનો વેપાર કરે છે. બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં કુડાસણ ખાતે સ્થિત બેંક ઓફ ઈન્ડીયામાંથી રૂ. ૭૦ હજાર ઉપાડી તે દહેગામ જવા માટે રવાના થયા હતા. જયારે માર્ગમાં તેઓને પોતાના મિત્રને ઉછીના લીધેલા રૂપીયા પરત કરવાના હતા. બેંકમાંથી તેઓ રિલાયન્સ ચોકડી પાસે પાન પાર્લર ખાતે મસાલો ખાવા માટે ગાડી ઉભી રાખીને મસાલો ખાવા ગયા હતા. પાર્લર પરથી બે મસાલા લઈને માત્ર ગણતરીની મિનિટમાં જ પરત ફરેલા વેપારી મસાલા મુકવા માટે ગયા ત્યારે તેઓએ રૂપીયા ચેક કરવા જતા ગાડીમાંથી ચોરી થયાની જાણ થઈ હતી. પરંતુ વેપારી ગાડી લોક કરવાનું ભુલી જતા ચોર ઈસમો ગાડી ખોલી રૂપીયા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. વેપારીએ દોડાદોડી કરી આસપાસમાં ચેક કરવા છતા કોઈ હાથ લાગ્યું ન હતું. આસપાસના નાગરીકોને પુછવા છતા કોઈને ઘટના વિશે ખબર ન હતી. ત્યારે વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આસપાસના વિસ્તારમાં સીસીટીવી ફુટેજ ચેક કરતા ચોર ઈસમો કારમાંથી રૂપીયા લઈ સરગાસણ ચોકડીથી અડાલજ તરફ જતા સીસીટીવી ફુટેજમાં દેખાય છે તેમજ બાઈક પર ત્રણ સવારી ચોર ઈસમો હતા. જયારે બીજીતરફ બેંકના સીસીટીવીમાં પણ તે પૈકીનો એક શખ્સ સોફા પર બેઠો હોવાનું જાણવા મળ્યું છે.

## ગિફ્ટ સિટી ખાતે અપોલો હોસ્પિટલ્સના પ્રાઈમરી હેલ્થ સેન્ટરનો શુભારંભ







ગાંધીનગર, તા.૧૧

ગિફટ સિટી ખાતે કાર્યરત ૨૦૦થી વધુ કોર્પોરેટ્સના કર્મચારીઓની મૂળભુત આરોગ્ય સંબંધિત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ગિફટ સિટી ખાતે અપોલો હોસ્પિટલ્સે પોતાના પ્રાઈમરી હેલ્થ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તાજેતરમાં નિમણૂંક પામેલા ગિફટી સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ શ્રી તપન રે અને અપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લિમિટેડના સીઓઓ ડો. વિશ્વદીપ ગોયલે આ સુવિધાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. ઓપીડી, એકઝામિનિંગ રૂમ, બ્લડ સેમ્પલ કલેકશન અને અન્ય સુવિધાઓથી સજ્જ અપોલો પ્રાઈમરી હેલ્થ સેન્ટરનો ઉદ્દેશ્ય ગિફટ સિટી ખાતે કામ કરતાં કર્મચારીઓને આરોગ્ય સંબંધિત સુવિધાઓ પ્રદાન કરવાનો છે.

## યુવા સ્ટાર બેલડી વિવેકા પટેલ-રાજન રાઠોડની હાજરીથી ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ રોમાંચિત

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૭ ખાતેની પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં આ વર્ષે પ્રવેશ મેળવેલી ફ્રેશર્સ વિદ્યાર્થીનીઓને આવકારવા ગુજરાતી ફિલ્મની યુવા સ્ટાર બેલડી વિવેકા પટેલ અને રાજન રાઠોડ હાજર રહેતા તમામ વિદ્યાર્થીનીઓને જલ્સો પડી ગયો હતો. વળી આ કાર્યક્રમમાં સિનિયર વિદ્યાર્થીનીઓએ તેમની જુનિયર વિદ્યાર્થીનીઓને મ્હોં મીઠું કરાવી આવકારતા સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓ ગદગદિત થઈ જવા પામી હતી.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ફ્રેશર્સ વિદ્યાર્થીનીઓને આવકારવા યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ 'સાહિલ' તથા 'બજાબા'ની પ્રતિભાશાળી યુવા અભિનેત્રી વિવેકા પટેલ તથા 'સાહિલ' ફિલ્મના મુખ્ય અભિનેતા રાજન





રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુવા સ્ટાર બેલડીએ વિદ્યાર્થીનીઓને કારકિર્દી ઘડતર માટે ઉચ્ચ શિક્ષણનું મહત્વ સમજાવી કલાક્ષેત્રે રહેલી તકો અંગે માહિતગાર કરી હતી તેમજ પોતાની કારકિર્દી યાત્રાની ઝલક પણ આપી હતી. કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ.ચૌધરીએ કલાકારોનું સ્વાગત કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતી ચૌધરી, હિરલ પટેલ તથા નુસરત પટેલે કર્યું હતું.

## કચ્છ મિત્ર મંડળ દ્વારા કચ્છી નૂતનવર્ષની કરાયેલ શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા અષાઢી બીજના રોજ કચ્છી નૂતન વર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અષાઢી બીજ કચ્છીઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે. સેકટર-૨૮ બ્રહ્માકુમારી હોલમાં સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. બ્રહ્માકુમારી કૈલાસદીદીના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ માવજીભાઈ રંગાણી, વર્ષાબેન મહેતા, પ્રજ્ઞાબેન જોશી, અંજનાબેન ભટ્ટે સહકાર આપ્યો હતો. પ્રજ્ઞાબેન જોષીએ સંસ્કૃત શ્લોકો-સ્તુતિથી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. પ્રમુખ માવજીભાઈએ પ્રવચનમાં શુભેચ્છા પાઠવી હતી. લચ્છુભાઈ બોરા, અવંતી બોરાએ સુમધુર કંઠમાં ગીત રજુ કર્યા હતા. કહાન શુકલએ સંસ્કૃત શ્લોકો ગાઈને સૌને મુગ્ધ કરી દીધા હતા. વર્ષાબેનો પ્રાસંગિક પ્રવચન અને સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં નશાબંધી ખાતાના નિયામક સુનીલભાઈ ધોલી હાજર રહ્યા હતા. શ્રી કૈલાસદીદીએ સર્વે કચ્છી ભાઈ બહેનોને આર્શીચવન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કવિ જગદીશભાઈ ગોર (શરમાળે) કર્યું હતું. અંતે સર્વે કચ્છી ભાઈ બહેનોએ મળીને ગરબા ગાઈ અષાઢી બીજની ઉમંગભેર ઉજવણી કરી હતી.

## અસહ્ય બફારા વચ્ચે પણ પુસ્તક પરબ પર વાંચકોનો ધસારો

ગાંધીનગર, તા.૧૧

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે જુલાઈના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન ઘ-૪ સર્કલે કરવામાં આવ્યું હતું. વરસાદ ખેંચાતા વાતાવરણમાં અસહ્ય બફારો હોવા છતાં પુસ્તક પ્રેમીઓએ ધસારો કર્યો હતો. આ વખતે કુલ ૫૪૩ પુસ્તક અને મેગેઝીનની આવક થઈ જયારે ૨૬૧ પુસ્તક અને મેગેઝીનની જાવક થઈ. પુસ્તક પરબે વી.એસ.ગઢવી જેવા નિયમિત ચાહકો અને પ્રજ્ઞાબહેન પટેલ, સંજય થોરાત, આશાબા સરવૈયા, અશોક ત્રિવેદી, ધ્રૃજટી પ્રજાપતિ, રણછોડ પરમાર, સમીર રામી, દિશાંત ગર્ગ, અજય રાવલ, બાપૂ વગરે નિયમિત એમની સેવાઓ પુરી પાડે છે. પુસ્તક પ્રેમીઓ યાદ રાખીને મહિનાના પ્રથમ રવિવારે હાજરી પુરાવી એમનાં મનગમતા પુસ્તકો લઈ જાય છે.



## નારદીપુર ગ્રામ સેવા મંદિર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગ્રામ સેવા મંદિર નારદીપુર સંચાલિત સઘળી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તા. ૧૩ જુલાઈના રોજ સવારે ૯.૩૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણ સંરક્ષણ સુધારણા હેતુ યોજાનાર કાર્યક્રમ રંગોલી-પ્રિ પ્રાયમરી સ્કુલ, ઉગરીબા કેમ્પસ નારદીપુર ખાતે યોજાશે. જેમાં મેઢાવાસ, નારદીપુરના ડૉ. નારાયણભાઈ પ્રભુદાસ પટેલ, ગાંધીનગરના જિલ્લા વન અધિકારી એસ.એન. ડામોર ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થા દ્વારા નારદીપુર તથા આસપાસના ગામોના દરેક ગ્રામવાસીને કાર્યક્રમમાં હાજર રહેવા જણાવાયું છે.

# ગૌરી વ્રતના પગલે ફળોના ભાવમાં વધારો



ગાંધીનગર, તા.૧૧

શહેરમાં તહેવારો આવતા જ બજાર ધમધમી ઉઠે છે. તાજા ફળો બજારમાં દેખા દઈ રહ્યા છે. ગૌરી વ્રતની સીઝનમાં આ સીઝનના ખાસ ફળ રાસબરી, બબુપોચા, તોતા કેરી પણ બીજા બધા ફળ સાથે વેચાઈ રહ્યા છે. તહેવારની અસર વર્તાતા ફળોના ભાવમાં પણ વધારો થયો છે.

માતા પાર્વતીએ શિવજીને પતિ તરીકે મેળવવા આ વ્રત મીઠા વગરનું અનાજ ખાઈ કર્યુ હતું. આ વ્રત દરમિયાન બાળાઓ દૂધ, ફળ, જયુસ, દહીં વગેરે વસ્તુઓ મીઠા વગર ખાઈ શકે છે. તેજ પ્રથા અનુસાર ગૌરી વ્રતમાં બાળાઓ ૫ દિવસ મોળુ ખાતી હોવાથી ફ્રુટસ અને ડ્રાયફ્રુટસ વધુ આરોગતી હોય છે. તેના પાછળનું એક કારણ એ પણ છે કે મીઠાના સ્વાદનો ત્યાગ કરતા જયારે તે ફળ ફલાદી આરોગે તો તેને જોઈતા પ્રમાણમાં વિટામીન મળી જાય છે અને દિવસ દરમિયાન ફ્રુટસ કે ડ્રાયફ્રુટસ ખાવાથી એનર્જી મળી રહે છે. ગૌરી વ્રત આવવાના હોવાથી બજારમાં ફ્રુટના ભાવમાં વધારો થયો છે. સિઝનલ ફ્રુટસનો ભાવ પણ આ સમય દરમિયાન વધ્યો છે. દાડમ ૧૪૦ રૂ.કિલો, સફરજન ૨૦૦ રૂ.કિલો, નારંગી ૧૪૦ રૂ.કિલો, તડબૂચ અને પપૈયું ૩૦ રૂ. કિલોએ વચાઈ રહ્યા છે. જયારે ગૌરી વ્રતમાં વધુ આરોગાતી તોતા કેરી ૭૦ રૂ. કિલો, બબુપોચા ૭૦ થી ૮૦ રૂ. ૫૦૦ ગ્રામ, કચ્છની ખારેક ૬૦ રૂ. ૫૦૦ ગ્રામ અને ઈઝરાયલની ૭૦ રૂ. ૫૦૦ ગ્રામ ભાવે વેચાઈ રહી છે. સાથે સાથે કીવીનું બોકસ ૧૪૦ રૂ. અને ચેરીનું બોકસ ૨૫૦ રૂ.માં જયારે પીચનું બોકસ ૧૫૦ રૂ.માં વેચાઈ રહ્યું છે. નારિયેળનો અને કેળા (ડઝન)નો ભાવ ૪૦થી ૫૦ રૂ. છે. જયારે જાંબુ ૪૦ રૂ.ના ૫૦૦ ગ્રામના ભાવથી વેચાઈ રહ્યા છે. તહેવારો આવતા ફ્રૂટના ભાવમાં વધારો તો જણાઈ રહ્યો છે પરંતુ ગ્રાહકો ગૌરી વ્રતમાં ફળ ખાવાનું મહત્વ હોવાથી ફળોની ખરીદી કરી રહ્યા છે.

### ચિરવિદાય

- સ્વ. મીનાદેવી, ઉ.વ. ૬૪
- સ્વ. હિરાલાલ મગનલાલ રાધનપુરા, ઉ.વ. ૭૪
- સ્વ. હસુબા રાણાભાઈ રબારી, ઉ.વ. ૭૨